# રાજકોટ નાગરિક સહકારી બેંક લી.
# વારસદાર કલેઈમ કાર્યપધ્ધતિ

## "નિયુકત કરાયેલ તથા સર્વાઈવરશિપ હોય તેવા વારસદારનાં કિસ્સામાં"

થાપણદાર / લોકર ધારકનાં અવશાન બાદ નિયુકત કરાયેલ વારસદારે ફકત તે જ ખાતા માટે જ નિયત ફોર્મ (**ANNEXURE – V**) માં શાખાને અરજી કરવાની રહેશે. અરજી સાથે નીચે મુજબના આધારો આપવાના રહેશે.

**સેઈફ ડિપોઝીટ વોલ્ટ લોકર માટે**

- ગુજરનારનું અસલ ડેથ સર્ટીફીકેટ
- નોમીનીનો તાજેતરનો ફોટો
- નોમીનીના આઈ.ડી. પ્રુફ સેલ્ફ એટેસ્ટેડ
- K.Y.C. માટેનાં તમામ આધારો સહી સાથેની ઝેરોક્ષ કોપી
- ANNEXURE – V
- ANNEXURE – X

**નોંધ :–** નિયુકત કરાયેલ વારસદારનું અવશાન થયેલ હોય તો તેમનાં ડેથ સર્ટીફીકેટ સાથે નિયુકત ન કરાયેલ હોય તેવા કિસ્સા મુજબ વારસદાર અરજી કરવાની રહેશે.

## "નિયુકત ન કરાયેલ તથા સર્વાઈવરશિપ ન હોય હોય તેવા કિસ્સા માટે જ"
## (Simplified Procedure for Settlement Of Claims)
## ( થ્રેસહોલ્ડ લિમીટ રૂ.૧૦ લાખની મર્યાદામાં):

ડીપોઝીટર / લોકર હોલ્ડરે નોમીની નિમેલ (વારસદાર નિયુકત કરેલ) ન હોય તેવા કિસ્સામાં ડીપોઝીટર / લોકર હોલ્ડરનાં અવશાન બાદ કાયદેસરનાં સીધી લીટીનાં વારસદારોએ જ વારસદાર કલેઈમ કેસની નિયત ફોર્મ (**ANNEXURE – VI**)માં શાખાને અરજી કરવાની રહેશે.

**સેઈફ ડિપોઝીટ વોલ્ટ લોકર માટે**

- ગુજરનારનું અસલ ડેથ સર્ટીફીકેટ
- વારસદાર અરજી કરનારાનાં ફોટા તથા K.Y.C. પ્રુફ સેલ્ફ એટેસ્ટેડ સહી સાથેની ઝેરોક્ષ કોપી
- અસલ વારસાઈ આંબો (મામલતદાર / તલાટી મંત્રીએ આપેલ) અથવા નમુના મુજબનું સોગંદનામું નિયત સ્ટેમ્પ ફી સાથે નોટરાઈઝડ
- ANNEXURE – III
- ANNEXURE – VI
- ANNEXURE – X
- ANNEXURE – XII

## <u>"એનેક્ષર ૧ તથા ૨ સિવાયનાં અન્ય કિસ્સામાં"</u>

## (Claim Amount above Threshold Limit And Not Falling Under Simplified Procedure)

કોમ્પીટન્ટ કોર્ટ પાસેથી મેળવેલ લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન (વારસા સર્ટીફીકેટ) અથવા વીલ અન્વયે મેળવેલ પ્રોબેટ સર્ટીફીકેટ, અથવા કોમ્પીટન્ટ (સક્ષમ) કોર્ટનો માન્ય વારસદાર ઓર્ડર રજુ કરે તેવા કિસ્સામાં અથવા થ્રેસહોલ્ડ લિમીટ રૂા.૧૦ લાખથી વધુ રકમનાં થાપણ તથા લોકર આર્ટીકલ્સનાં કિસ્સામાં નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

**<u>સેઈફ ડિપોઝીટ વોલ્ટ લોકર માટે</u>**

- ગુજરનારનું અસલ ડેથ સર્ટીફીકેટ
- કોમ્પીટન્ટ કોર્ટનો ઓર્ડર
- વારસદાર અરજી કરનારાનાં ફોટા તથા K.Y.C. પ્રુફ સેલ્ફ એટેસ્ટેડ સહી સાથેની ઝેરોક્ષ કોપી
- ANNEXURE – X

## <u>"ગુમ થયેલ (મીસીંગ પર્સન)ના કિસ્સામાં"</u>

ગુમ થયેલ (મીસીંગ પર્સન)ના કિસ્સામાં ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ ની કલમ ૧૧૦ (ગુમ થયાના ૭ વર્ષ) અથવા કલમ ૧૧૧ (મરણના કિસ્સામાં ૩૦ વર્ષ) મુજબ સક્ષમ અદાલતમાંથી આદેશ મેળવવો જરૂરી રહેશે.